
સંપ્રદાયના ઐતિહાસિક મૂલ્યોને જીવંત બનાવતું માસિક

# બ્રહ્મવિદ્યા


અંક : ૧-૨ ❖ વર્ષ - ૮ ❖ જાન્યુઆરી-ફેબ્રુઆરી - ૨૦૧૬












જન્મ : સં. ૧૯૮૦
માગશર સુદ - ૨

દિક્ષા : સં. ૨૦૦૦
મહા વદ - ૧૧


અક્ષરવાસ : સં. ૨૦૭૨
માગશર વદ - ૧


































પ.પૂ.સદ્. ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરુપદાસજીની ઐતિહાસિક ચિત્રછબીઓ




વરતાલના તપોનિષ્ઠ, વયોવૃદ્ધ, બ્રહ્મનિષ્ઠ સમર્થ સદ્‌ગુરુ પ.પૂ. શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી
(ધ્યાની સ્વામી) ની પાવનકારી ઐતિહાસિક દર્શનીય ચિત્રછબીઓ.




શ્રી હરિના હૈયાના હાર સમા પૂ. ધ્યાની સ્વામીજી સંપ્રદાયની એક અવિસ્મરણીય અમરગાથામાં સુવર્ણ અક્ષરોએ આલેખાયા. અસંખ્યાત નરનારીઓના પ્રેરણા પથપ્રદર્શક રહ્યા છતાં સાંગોપાંગ જળકમળવત્ નિર્વિકાર - નિર્લેપ - અલિપ્ત જીવનનો માર્ગ ઉજાગર કર્યો. પૂ. સ્વામીશ્રીના પાવન ચરણોમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ કંડારી પરિવારના શત શત વંદન...

# BRAHMAVIDYA

**JANUARY-FEBRUARY**
**2015**
*Year - 8    Volume - 1-2*





❖ **Editor** ❖
*Swami Shayamvallbhdasji*

❖ **Managing Editor** ❖
*Swami Purnavallabhdasji*

❖ **Owner** ❖
Harikrushna Maharaj kelavani trust

❖ **Publisher** ❖
**Shastri Shree GhanasyamPrakasdasji Swami**
Shree Swaminarayan Gurukul
At & Post Kandari, Ta. Karjan,
Dist, Vadodara-391210 (Gujarat)

***would be published on the first day of every month.***

**Web : www.theswaminarayan.com**
**E-mail : sgkandari@gmail.com**
**sgkandari@yahoo.com**

***Brahmvidya Subscription (india)***
**5 years Rs. 200    *Lifetime - Rs. 500***

***For Other Countries (Airmail)***
***$ 100 / £ 75***
***This is for lifetime only***

❖ **Printer** ❖
Vijaykumar Manubhai Patel
**Shreeji Offset Printers,** 13, Patel Chambers,
Anastu Road. Nava Bazar, At & Post-Karjan,
Ta: Karjan, Dist: VADODARA (GUJARAT)

❖ **Office** ❖
**"Brahmvidya"**
Shree Swaminarayan Gurukul
c/o Harikrushna Maharaj kelavani trust
At & Post Kandari, Ta. Karjan, Dist, Vadodara
(Gujarat)-391210, Mo. 99252 07562


## કીર્તન

સાચા સાધુ રે (૨), સુંદર ગુણધામ, સમજીને સત્સંગ કીજીએ.
જી રે સંત સુલક્ષણના ભર્યા, અવગુણનો રે (૨),
ઉરમાં નહિ લેશ, મહાનુભવી મુનિ તે ખરા;
આપે સહુને રે (૨), સાચો ઉપદેશ.-સમજીને૦ ૧
જી રે સંત સદા શીતળ રે, ક્યારે  ન તપે રે (૨),
કામ ક્રોધની જાળ, લોભ તજી હરિને ભજે;
ધારે ઉરમાં રે (૨), દઢ કરી શ્રીગોપાળ-સમજીને૦૨
જી રે ત્રિભુવનની સંપત મળે, તોય ન તજે રે (૨),
અર્ધ પળ હરિધ્યાન, બ્રહ્મરૂપ થઈ હરિને ભજે;
એવા સંતને રે(૨), કીચ કનક સમાન-સમજીને૦૩
જી રે એમ શુભ લક્ષણ ઓળખી, સદા કરવી રે (૨),
હરિજનની સેવ, હરિસમ હરિજન જાણવા;
મુક્તાનંદ કહે રે (૨), તે તરે તતખેવ-સમજીને૦૪

## અનુક્રમણિકા


**1** **''એવા સંતને નામું હું શીશ''** ૦૬
- શા.શુકવલ્લભદાસ-કંડારી

**2** **મારા અનુભવનો ચમત્કાર:** ૦૮
- શા.સંતવલ્લભદાસ - કંડારી

**3** **શરણ અચળ અવિનાશી સાચા સંતનું...** ૧૨
- સા.પૂર્ણવલ્લભદાસ

**4** **''ધ્યાની સ્વામી એક સાધુતા યોગ''** ૧૪
- શા.સર્જુવલ્લભદાસ સ્વામી - કંડારી



# "એવા સંતને નામું હું શીશ"

લેખક : શા.શુકવલ્લભદાસ-કંડારી



અખંડ ભગવદ્ પરાયણ તૈલધારાવદવિચ્છિન્ન મૂર્તિમાં નિત્ય નિરંતર નિમગ્ન રહેનારા સદ્.પૂ. હરિસ્વરૂપદાસજી સ્વામી ધ્યાનના અખંડ અભ્યાસી હોવાથી **"ધ્યાની સ્વામી"**ના નામથી **"યથા નામ તથા ગુણ"** ના ન્યાયે તેઓ સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ થયા. અનંત આકાશ અને અગાધ સાગર જેવું પૂ. સ્વામીનું વિરાટ વ્યક્તિત્વ આપણા ટુંકા શબ્દોમાં સમાવવાનું કામ ગાગરમાં સાગર ભરવા જેવું અજ્ઞાનજન્ય બાલિશકૃત્ય જ ગણાય, છતાં પણ સદ્ગુણોનાં આદર્શોનું અલ્પ અંશે આચમન કરવાથી પણ મોક્ષમાર્ગે આરુરુક્ષુ મુમુક્ષુઓ ને ઉત્તમ (*Tonic*) રસાયણ પ્રાપ્ત થાય છે.

સાચા મુમુક્ષુઓના શ્રેયને માટે પરમાત્મા આવા મુક્તાત્માઓને ભારતની ભાગ્યવંતી ધરાપર મોકલતા હોય છે એ ન્યાયે પૂ. સ્વામીશ્રીનો જન્મ કચ્છ પ્રદેશના વાગડ વિસ્તારમાં ભચાઉ તાલુકાના વિજયાસર ગામે સંવત્ ૧૯૮૦ ના માગશર સુદ બીજના દિવસે માતા દિવાળીબેન તથા પિતા મોતીલાલના પવિત્ર પરિવારમાં થયો હતો.

સંપ્રદાયમાં વર્તમાન સમયે આજ્ઞા અને ઉપાસનાથી ભરેલા સ.ગુ. ધ્યાની સ્વામી જેવા વિરલ સંતો જ હોય છે. સ્વયં અખંડ મૂર્તિરસભોક્તા હોવા છતા અનેક ભક્તોના દર્દ, દુ:ખ, દારિદ્રય દૂર કરી સુખીયા કરતા, આ સાધુનો સહજ સ્વભાવ તેમનામાં


દેખાતો.

શિક્ષાપત્રીમાં શ્રીહરિપ્રબોધિત સર્વ આજ્ઞાઓનું મૂર્તસ્વરૂપ એટલે પૂ. ધ્યાની સ્વામી.

તપ, ત્યાગ, વૈરાગ્ય એમના જીવનમાં સહજ વણાયેલા હતા. નિઃસ્પૃહતા, નિષ્કિંચનતા અને નિષ્પરિગ્રહતા તો એમનાં જીવનની અણમૂલી મૂડી હતી. પૂ. સ્વામીના જીવનમાં તો ત્યાગની છટાનાં અનેક ઉદાહરણો હશે પણ મને એમનો એક પ્રસંગ હૃદયને સ્પર્શી ગયો તે આ પ્રમાણે છે.

એક મુંબઈના સારા હરિભક્ત. સહુકોઈ એમના નામથી પરીચિત. નામ એમનું પ્રદિપભાઈ બારોટ એમને કમ્મરનો અસહ્ય દુઃખાવો રહ્યા કરે. અનેક ઉપચારો કર્યા પછી પણ દુઃખાવો ઓછું થવાનું નામ ન લે. કોઈ બીજા ભક્તને ખબર પડી કે આ ભગત આ દુઃખે ખૂબ જ પીડાય છે તેમના મનમાં દયા ઉપજી અને સારી ભાવનાથી સલાહ આપી કે ''તમે ધ્યાની સ્વામી પાસે જાવ તમને ચોક્કસ ફેર પડશે'' ભગત સમયની સાનુકૂળતા શોધી કણભા પૂ. ધ્યાની સ્વામીની છત્રછાયામાં પહોંચ્યા. પૂ. સ્વામીને પોતાની પારાવાર પીડાની દર્દનાક કથની રજૂ કરી. સ્વામીએ થોડીવાર વિચારી ને ઉત્તર આપ્યો કે ભગત ! બહારનું જમો છો ? ભગતે કહ્યું ! હા ! આઈસ્ક્રીમ જમું છું. પૂ. સ્વામીએ કહ્યું બહારનો આઈસ્ક્રીમ જમવાનો બંધ કરો મહારાજ તમને સારું કરી દેશે. પૂ. સ્વામીમાં રહીને મહારાજ બોલતા હતા. ભગતે સ્વામીની વાત સ્વીકારી અને આશીર્વાદ સત્ય ફળ્યા. કમરની ગંભીર બિમારી ગાયબ થઈ ગઈ. સહજ વાત છે કે અનેક ઉપાયોથી દર્દ ન મટ્યું અને સ્વામીના આશીર્વાદથી મટી ગયું એટલે એમને સ્વામીમાં ભાવ અને શ્રદ્ધા બેઠી.

થોડા દિવસ પછી તેઓ કામકાજે બજારમાં ગયા. સોનીની દુકાનેથી નાના ઠાકોરજી માટે સારા કુંડળ ભાળ્યા. ભગતને થયું લાવો આ લઈ પૂ. સ્વામીનાં નિત્યપૂજાતાં ઠાકોરજી માટે અર્પણ કરું.



કુંડળ ખરીદ્યા. થોડા દિવસ પછી તેઓ પૂ. ધ્યાની સ્વામીનાં દર્શન કરવા કણભા ગયા. પૂ. સ્વામી તેમના આસને બિરાજીત હતા. ભગતે દર્શન કરી સ્વામીને પેલા કુંડળ અર્પણ કર્યા ને કહ્યું, સ્વામી ! આપના આશીર્વાદથી કમ્મરનો દુઃખાવો દૂર થયો છે અને હું ભાવથી કુંડળો લાવ્યો છું. સ્વામીએ કહ્યું ! ''પાછા લઈ જાઓ,'' ''પાછા લઈ જાઓ.'' અમે એવી સેવા સ્વીકારતા નથી પૂ. સ્વામીએ એવી કેટલીય સુવર્ણની અને અન્ય સેવાઓ પાછી ઠેલી દીધી હતી. ત્યાગીઓ માટે આ ખૂબ જ કઠણ કામ છે પણ સ્વામીએ આવી નિઃસ્પૃહતા સહજ મહારાજની કૃપાથી સિદ્ધ કરી હતી. પૂ. સ્વામીએ શ્રીહરિના વચનો ચરિતાર્થ કર્યા, મહારાજે વચનામૃતમાં કહ્યું, ''જુઓને, શ્રીમદ્ ભાગવતમાં સુવર્ણને વિષે કળીનો નિવાસ કહ્યો છે, તો સુવર્ણ અમને દીઠું પણ ગમતું નથી.'' (ગ.મ.૩૦) ભગવાનની રુચિમાં પૂ. સ્વામીની રુચિ મળી ગઈ હતી.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં સંતવંદનાનાં ૨ (બીજા) પ્રકરણમાં આ ચોપાઈ લખી છે, તે પૂર્ણતઃ પૂ. સ્વામીના જીવનમાં ચરિતાર્થ થયેલ દેખાઈ છે.





''સદા ભજન સ્મરણ કરે

વળી ધ્યાન મહારાજનું ધરે ।

એવા ગુણે મોટા જે મુનેશ,

એવા સંતને નામું હું શીષ'' ॥

(ભક્તચિંતામણિ - ૨/૨૧)

આપણને આશ્ચર્ય થાય કે પૂ. સ્વામી કથામાં ત્રણ કલાક એક જ આસનમાં બેઠા હોય અને મહારાજની મરમાળી મૂર્તિમાં ડૂબીને ભજન કરતા હોય. ''હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૩'' વડતાલધામને આંગણે પૂ. સ્વામીની પ્રેરણાથી ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. તે સમયે આપણે જોયું હશે કે પૂ. સ્વામી સવારે ત્રણ કલાક અને સાંજે ત્રણ કલાક કથામાં એક જ સ્થિર આસને બેસી રહેતા અને મહારાજનું ભજન-સ્મરણ અને ધ્યાનમાં લીન રહેતા. આ કોઈ સામાન્ય વાત નથી એટલે જ તો બધાની ધ્યાની સ્વામી જેવી સ્થિતિ થતી નથી.

પૂ. સ્વામીને કવીશ્વર, યતિરાજ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીની પરંપરામાં દીક્ષિત થયાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જેમ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ વડતાલનું મહામંદિર નિર્માણ કર્યું અને મંદિરની પ્રતિષ્ઠા બાદ શ્રીજી મહારાજે કહ્યું : ચાલો સ્વામી ! હવે તમારું કામ પૂરુ થયું, વ્યવહારતો બીજા સાધુ કરશે, તમે અમારા કાવ્ય, કીર્તનો બનાવવાની સેવા કરો અને અમારી સાથે રહો, અને વડતાલના મહંત સ.ગુ. અક્ષરાનંદ સ્વામીને બનાવ્યા. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજનો આદેશ શિરોધાર્ય કરી જેમ સાપ કાંચળી ઉતારે તેમ નિર્બંધથકા મહારાજની સાથે ચાલી નીકળ્યા. પૂ. ધ્યાની સ્વામી પણ એવા જ, અજોડ નિર્બંધ સાધુ છે જેમણે અમદાવાદ દેશમાં નરનારાયણદેવની છત્રછાયામાં પાંચ પાંચ ભવ્ય શિખરબદ્ધ મહામંદિરોના નિર્માણ કરી પહેરેલે કપડે વડતાલ દેશમાં સ્થાનાન્તરણ કર્યું. બહુધા સાધુને સ્થાનનું બંધન છૂટવું અશક્ય જ નહી પણ અસભંવ હોય છે, જેમાં ધ્યાની સ્વામી જેવા વિરલ સંત અપવાદરૂપ છે.

શ્રીજી મહારાજ આવા ગરુડ જેવા મહામુક્તો સંપ્રદાયમાં મોકલતા જ રહે છે. જેને કારણે આપણા જેવા મચ્છર જેવા તુચ્છ જેવાનાં કલ્યાણ થતા જ રહે. અક્ષરધામનો ધુધુબાજ માર્ગ અવિરતપણે ચાલ્યા જ કરે.

આવા જગતથી પરમ વિતરાગી અને પ્રભુમાં પરમ અનુરાગી સંતો માટે જ વચનામૃત ગઢડા પ્રથમ-પ્રકરણ ૨૭માં શ્રીજી મહારાજ સ્વમુખે મહિમા ગાતા કહે છે કે...



"એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલા જીવ પ્રાણી છે તેના નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે, એમ એ સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. **માટે એ સંત તો સર્વ જગતના આધાર રૂપ છે,"**

તથા ગઢડા પ્રથમ-૩૭ માં વચનામૃતમાં મહારાજ કહે છે કે....

**"એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ. અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ."**

ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં આવા સંતો માટે કેટલું અદ્‌ભૂત કહ્યું છે.

**"આવા સાધુને મનમાં સંભારીએ, તો મનનાં પાપ બળી જાય . ને વાતું સાંભળીએ તો કાનના પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય, એમ મહિમા જાણવો."** (ગુ.વાત-૧/૩૦)


શ્રીજી મહારાજે તથા સ.ગુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ તથા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ તથા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી અને બીજા પણ ગ્રંથોમાં જે સંત મહિમા પરત્વે વાક્યો છે તે સ.ગુ. ધ્યાની સ્વામી જેવા અલમસ્ત, અલગારી, અવધૂત જેવા સંતો માટે જ યોગ્ય ગણાય બીજાને માટે તો 'જે જમાડીએ તે પણ જાય ખાધુ જે હરામીએ." એવું નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે.

પૂ. ધ્યાની સ્વામી સદૈવ દંભ, પાંખડ, પદ, પ્રતિષ્ઠા, પૈસાથી અલિપ્ત જ રહ્યા છે, આવા મોટા સંતોનાં જીવનમાંથી આપણામાં કંઈક સદ્‌ગુણો આવે એવી તેમના ચરણોમાં પ્રાર્થના...



# મારા અનુભવનો ચમત્કારઃ

લેખક : શા.સંતવલ્લભદાસ - કંડારી



તે મુક્ત વળી જાણ સમર્થ કેવા,
બ્રહ્માંડ કોટિ ઉપજાવી શકે જ એવા ।
ઈચ્છા થકી અવતરે અવનિનીમાંય,
પૂજાય ત્યાં ઈશ્વર તુલ્ય ત્યાંય ॥
(શ્રીહરિલીલામૃત. ૨-૧૧-૨૨)

આચાર્યપ્રવર શ્રીવિહારીલાલજી મહારાજે લખેલી પંક્તિઓ સહજ સ્વભાવે સ્ફૂરી આવે એવું આપણી આંખોએ દિઠેલું વ્યક્તિત્વ એટલે પ.પૂ. ધ્યાની સ્વામીજી. સ્વામીજીનો મને બહુ ગાઢ પરિચય નહિ પરંતુ તેમના પ્રતાપથી અપરિચિત પણ કોણ હોય ? જ્યારથી સમજણો થયો ત્યારથી જ લગભગ પૂ. સ્વામી એ એક મહાન સમર્થ સંતના રૂપમાં સાંભળતો આવતો હતો એવામાં પૂ. સ્વામીજી વડતાલ પધાર્યા. વડતાલમાં તેઓશ્રીના આગમનથી મારા ભાગ્યનો એક દરવાજો ઉઘડી ગયો હું ભાગ્યશાળી તો જ્યારથી શ્રીહરિકૃષ્ણ મહારાજ મળ્યા- મારા સદ્‌ગુરુ મળ્યા આવો દિવ્ય સત્સંગ મળ્યો ત્યારથી જ છું, છતાં આવા મોટા પુરુષની છાંયા મળે એ એક સદ્‌ભાગ્ય જ ગણાય એમ હું માનું છું.

પૂ. સ્વામીજી જ્યારે વડતાલ આવ્યા ત્યારે પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડના ચેરમેન શ્રી હતા. પૂ. સ્વામીએ તેમને ફેમીલી મેમ્બર કહ્યા, એટલે એક ફેમીલીના નાતે તેમની સાથેની નિકટતા વધી વળી થોડા જ દિવસોમાં વડતાલને આંગણે ''શ્રીહરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૩' નું દિવ્ય ભવ્ય આયોજન થયું. આ મહોત્સવના માધ્યમે મને અને પૂ. શ્યામસ્વામીને પૂ. સ્વામીજી સાથે સેવા કાર્ય કરવાનો અવસર મળ્યો.



આ અવસરના પ્રતાપે પૂ. સ્વામીજી વિષે જે સાંભળ્યું હતું તે સાક્ષાત્ જોવા જાણવા મળ્યું. આ સંપ્રદાયમાં બે -અઢિ દાયકામાં ઘણા નાના-મોટા ઉત્સવ સમૈયાઓ જોયા જાણ્યા-માણ્યા છે દરેક ઉત્સવ તેના કદ પ્રમાણેની તૈયારી માંગતો હોય છે અને વડતાલમાં જ્યારે આ વિરાટ્ મહોત્સવ માટેની મીટીંગ મળી ત્યારે ઘણા પ્રશ્નો સામે આવેલા પરંતુ પૂ. સ્વામીજી એક વાત કરતા કે, એ ચિંતા તમે છોડી દો, આ ઉત્સવ મારો નથી મારા હરિકૃષ્ણ મહારાજનો છે આ વાત અધ્યાત્મ માર્ગમાં અતિશય મહત્વની છે.


ઉત્સવ દરમિયાન ઘણા પ્રસંગો એવા જોયા કે, જે સામાન્ય રીતે અસંભવ લાગે, પરંતુ તે સહજ રીતે સંપૂર્ણ થયું. ત્યારે કેટલાક એમ કહેતા હતા કે, આ ઉત્સવ એક મહા ચમત્કાર જેવો ઉજવાયો. ધર્મ જગતમાં એવા લોકો વધારે છે જે પોતે ના કરી શકે એવું એવું થાય, તેને ચમત્કાર હોય છે અને ચમત્કાર હોય ત્યાં જ નમસ્કાર હોય છે. પૂ. સ્વામીજીના નામ પર અનેક ચમત્કારો સંભળાય છે. પરંતુ હું મારા અનુભવનો સૌથી મોટો ચમત્કાર કહું તો તે એ છે કે, ''સદૈવ ભગવાનનું કર્તાપણું.''

જેની સમક્ષ લક્ષાવધિ મનુષ્યો હાથ જોડીને ઉભા હોય; જેના વચન સત્ય થતા હોય, જેના વચને લક્ષ્મીના ઢગલા થતા હોય; તે વાત વાતમાં શ્રીહરિનું કર્તાપણું માને- કહે, એ એક અનોખો ચમત્કાર છે અન્યથા ગંડવા ઉપડે છે એમ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, સદ્ગુરુ, બ્રહ્મનિષ્ઠ, પ્રગટ બ્રહ્મ થઈ જાય અને સિંહાસનમાં ભગવાનની આસપાસ ગોઠવાઈ જાય. ઉપાસનાના માર્ગ પર નવા નવા ફણગાઓ ફૂટતા રહે છે કદાચ દીર્ઘદર્શી શ્રીહરિએ આ તરફ દૃષ્ટિ કરીને જ ઉપાસનાનો માર્ગ અણિશુદ્ધ રાખવા મંદિરો કરાવીને મૂર્તિઓ પધરાવી છે પણ....

પૂ. સ્વામીજી વચનસિદ્ધ હતા છતાં દાસ હતા તેઓ અહો, મહારાજ... અહો મહારાજ.. .કરીને મૂર્તિના સુખની વાતો કરતા એટલું જ નહિ એમના દેહોત્સર્ગ સમયે જ્યારે કણભા ગયો ત્યારે પણ એક મહાચમત્કાર જાણ્યો જોયો. પૂ. સ્વામીજીએ દેહોત્સર્ગ કરતા પહેલા જ પૂ. સત્સંગભૂષણ સ્વામી એવં અગ્રણી ભક્તોને કહી દીધેલું કે, મારી અંતિમક્રિયા કણભા નદી કાંઠે કરજો. ક્યાંય કોઈ ડેરી સ્મૃતિ ના કરતા. અને વંદન કરવાનું મન થાય છે **સ્વામીના શિષ્યોને જેમણે પૂ. સ્વામીની અંતિમ સ્મૃતિ માટે કોઈ જ દુરાગ્રહ રાખ્યા વિના જ વિધિ કરી. ઘણીવાર પોતાની**







મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરવા ભગવાન કરતા ગુરુઓને વધુ મહત્વના કરીને આ લોકમાં સદ્ગુરુના નામ-કામને પણ વટાવવામાં આવે છે જે માહેલું આ મંડળમાં જરા પણ ન દેખાયું. મહિમા ઘણો જ, મહત્વકાંક્ષા શૂન્ય.

અને છેલ્લે તા. ૧૦-૦૧-૨૦૧૬ના રોજ વડતાલ સભામંડપમાં પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી અને ૪૦૦ જેટલા સંતોની વચ્ચે પૂ. સ્વામીના કૃપાપાત્ર ભક્તરાજ શ્રી ભાવેશભાઈએ કડક ચેતવણી આપી કે પૂ. સ્વામીનો આદેશ છે કે પૂ. સ્વામીનો ફોટો કોઈએ પૂજામાં તો નહિ પણ પૂજાના રૂમમાં પણ ન રાખવો. (ઘરમાં,બેઠકરૂમમાં રાખવો) આ વાત નહિ માને તે નરકમાં જશે. આ સમર્થ સંત દેહોત્સર્ગ કરતા કરતા પણ શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલા "ઉપાસનાના માર્ગનું "જતન કરે છે; શું આ એક મહાચમત્કાર ન કહેવાય?



# શરણ અચળ અવિનાશી સાચા સંતનું...

લે. સા.પૂર્ણવલ્લભદાસ



ભક્તિ અને પ્રપત્તિના આ સંપ્રદાયમાં પરમાત્માની સાથે સાથે સાચા સંતની શરણાગતિ સ્વીકારવી એવી એક આગવી શાસ્ત્રીય પરંપરા રહી છે. **સકલશાસ્ત્ર પારંગત** સદ્. શતાનંદ સ્વામીએ સંપ્રદાયની વ્યાખ્યા કરતા કહ્યું, ''सम्प्रदायो गुरुक्रमः'' સંપ્રદાયને કોઈ સ્થૂળ પદાર્થમાં ન બાંધતા પરંપરા પ્રાપ્ત દિવ્ય નિર્મળ શાસ્ત્રીય જ્ઞાનને સંપ્રદાય કહ્યો. જ્ઞાન જ્ઞાનીને આશ્રિત હોય છે, જેમ દિવાની જ્યોત દિવેટ-કોડીયાને આશ્રિત હોય. એવા જ જ્ઞાની પુરુષોનો જગમાં મહિમા છે, જેમનું જ્ઞાન નિર્મળ-નિર્દંભ વર્તન સાથેનું હોય. વર્તન વિનાનું જ્ઞાન ખૂબ જ આકર્ષણ કરનારું માત્ર વાણી વિલાસ હોય છે, જેનાથી કોઈનાએ અંતરમાં અજવાળા પથરાતા નથી અંતરાત્મા કૃતકૃત્ય-નિઃસંશય થતો નથી.

શ્રુતિ કહે છે 'ऋते ज्ञानान्न मुक्तिः' (हिरण्यकेशीय शाखाश्रुति) સદ્. મુક્તાનંદ સ્વામીએ સમાધી કરાવતા યુવાન સહજાનંદ સ્વામીને ઉદ્દેશીને એક પદ રચ્યું.

મનડું રંગાણા વિના રે, ભક્તિ ન ભાવે રે,
ભિતર ભેદાણા વિના રે, સમાધિ ન આવે રે,
નારાયણ સ્વામી....

આ પદ્યમાં સદ્. મુક્તાનંદ સ્વામીની જ્ઞાન પ્રત્યેની ઊંડી દઢતા દેખાય છે. નારાયણમુનિનું સમાધિ કરાવતું આ કૃત્ય અજ્ઞાની જીવમાં કેવી રીતે ઘટે ? પૂ. સ્વામીને બહુ મોટો સંશય રહેતો. જેનું મન પ્રભુપ્રેમ અને પરમાત્માના જ્ઞાનથી રંગાયું નથી, જેનું ચિત્ત આત્મા-પરમાત્મ જ્ઞાનથી ભેદાયું નથી એને સમાધી તે કેવી ? શું આ સાચે જ સમાધિ છે કે પાખંડ ? પ્રભુના ચરિત્રમાં



સ્વામી શાસ્ત્રની રીતિ જુવે છે.

જે સંપ્રદાયમાં વર્તન વાતો કરે છે, જેના પાયામાં નંદ સંતોના શુભ વર્તનની ઈંટો મૂકાયેલી છે એવા આ સંપ્રદાયમાં પ્રભુ ઈચ્છાથી સદ્ વર્તનશીલ સંતો પ્રગટ થતાં રહે છે એવા સંતના આશ્રયથી ભવની પેલેપાર જવાય છે.

બ્રહ્મમુનિ કહે છે, ''ભવસાગરમાં શરણ અચળ અવિનાશી સાચા સંતનું'' સ્વામી કહે છે, આ મારા મનની વાત નથી, ''શ્રુતિ -સ્મૃતિની સાખ, હરિ હરિજનના પ્રાણ વચન ભગવંતનું...''

આવા વિશુદ્ધ સંત પુરુષના આશરા માટે ગીતાજી કહે છે,

तद्विद्धि प्रणिपातेन परिप्रश्ने सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्वदर्शिनः ॥
( गीता-४-३४ )

આવા નિર્મળ અંતઃકરણવાળા ઉત્તમ ચરિત સાધુજનો માટે ભાગવતજી કહે છે,

तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम्॥
( भा.११-३-२१ )

શબ્દ બ્રહ્મ અને પરબ્રહ્મમાં નિષ્ણાંત સંતપુરુષની નિશ્રામાં જવાનું ભાગવતજી કહે છે. બ્રહ્મમુનિ કહે છે, ''શરણ અચળ અવિનાશી સાચા સંતનુ...'' ઉપનિષદો કહે છે,

''तद्विज्ञानार्थं गुरुमेवाभिगच्छेत् समित्पाणि: श्रोत्रियं ब्रह्मनिष्ठम्''( मुण्ड-१-२-१२ )

વચનામૃતમાં શ્રીહરિ મુમુક્ષુના મોક્ષમાર્ગને સરળ કરતા કહે છે, ''અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. (વરતાલ-૧૦) સાધુસ્વરૂપ પરમાત્માના સમાશ્રયથી મુમુક્ષુનું પરમ શ્રેય થાય છે, આવો શ્રીહરિનો સ્પષ્ટ અભિપ્રાય છે. બ્રહ્મમુનિ આવા પરમભાગવત સંત માટે કહે છે,

''જેમ જળ તરંગ નહી ભેદ જુદા, તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા''

એમ હરિ હરિજન એક સદા. ભવ..

આવા સંતપુરુષો પરમાત્માના અતિશય સાધર્મ્યપણાને પામીને ભગવદાકારે થઈ જાય છે, જેમના આશ્રયથી મોક્ષપદ સરળ થાય છે, અતિ દુર્લભ પદ સુલભ થાય છે. આવા સંત સમસ્ત બ્રહ્માંડનું આભૂષણ હોય છે, ભવ-બ્રહ્માદિક ઈશ્વરો જેના દર્શનને-સેવાને ઈચ્છે છે. ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુના બાગને આવા સંત પુષ્પોએ ખૂબ જ મહેકાવ્યો છે. જેમની શીતળ છાંયામાં કેટલાય નરનારીઓ શાશ્વત શાંતિને પામ્યા છે. ચોસઠપદી કહે છે, એવા સંત મળ્યે મળ્યા સ્વામી.

મોક્ષના દ્વારસમા આવા સાધુને ઓળખવા એ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના મતે ખૂબ જટીલ ઘાટી છે.

બ્રહ્માનંદ સ્વામી આગળના પદમાં કહે છે,

''હે જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીત્ત પણે, સોનું ને પીતળ ન હોય એક સરખું...
જેને કામ ક્રોધ મદ મોહ નહિ, જેની વૃત્તિ બ્રહ્માકાર થઈ,
કહે બ્રહ્માનંદ સો સંત સઈ...''

સાધુ અને અસાધુ બન્નેની વેશભૂષા, રહેણી - કહેણી સરખી હોય છે. અન્યથા સદ્. ગુણાતીતાનંદ સ્વામીનું આપ્તવચન વ્યર્થ થાય, કે સાધુ ઓળખવા એ ઘાટી છે. સંતને પરમાત્મા પ્રધાન હોય છે, અસંતને અહં પ્રધાન હોય. સદ્. ગુણાતીતાનંદ સ્વામી કહે, ભગવાનમાં જોડે તે સંત, પોતામાં જોડે તે અસંત, બ્રહ્મમુનિ કહે છે, "જેની વૃત્તિ બ્રહ્માકાર થઈ, કહે બ્રહ્માનંદ સો સંત સઈ" તેજ સાચા સંત છે જે, સદા સર્વદા ભગવદભિમુખ હોય, સત્સંગના બાગમાં પ.પૂ. ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી સ્વામીનું બહુધા જીવન ધ્યાન પરાયણ રહેતું. જગતનો ભૌતિક વૈભવ જેમને રંચમાત્ર સ્પર્શી ના શક્યો એવા મુક્તાત્માની પાવનકારી અમરગાથા આપણા જીવનને પ્રેરણાબળ આપનારી છે. જેમના દર્શન, આશીર્વચન, ઉપદેશ, મોક્ષમાર્ગનું મહામુલુ ભાથું છે. પૂ. સ્વામીશ્રીની પાવનકારી સ્મૃતિમાં એમના જીવનના કેટલાક પ્રેરણાદાયી પ્રસંગોનો આસ્વાદ લઈએ, જીવનને ઉન્નત બનાવીએ.



# પૂ. સ્વામીશ્રીનો અણમોલ સદ્ગુણ વૈભવ...

સ્વામિનારાયણ સંપ્રદાયનું અણમોલ રત્ન એટલે આપણા પ.પૂ. ધ્યાની સ્વામીજી. પૂ. સ્વામીશ્રીનો વૈરાગ્ય વૈભવ ઉંચા આકાશને આંબે એવો કદાવર હતો. પૂ. સ્વામીશ્રી ધનને ધુડ્ય માનનારા સંત હતા. જેમની રીતી જગથી ન્યારી હતી.



આજથી આંઠ વર્ષ પહેલાની વાત છે. કણભા ગુરુકુલમાં પૂ. સ્વામીશ્રીના દર્શને પ.ભ.રાજેશભાઈ પટેલ આવ્યા. સ્વામીશ્રીના દર્શન કરી ખબર અંતર પૂછ્યા. થોડીવાર સત્સંગ કર્યો. હૃદયમાં ખૂબ જ ભાવભરી પૂ. સ્વામીશ્રીને વિનંતી કરી, ૪૦,૦૦,૦૦૦ (ચાલીસલાખ) રૂપિયાની મારે સેવા કરવી છે, સત્સંગની સેવામાં આપના હાથે વાપરજ્યો. સેવકની સેવા સ્વીકારો. સ્વામીએ કહ્યું, મારે જરૂર નથી. પાંચેય મંદિરોની સેવા બરાબર ચાલે છે. કોઈ વાતની ખોટ્ય નથી, ગુરુકુલમાં પણ જરૂર નથી. રાજેશભાઈએ કહ્યું હું તો કેશ રકમ લઈને આવ્યો છું, આપને ગુરુ માન્યા છે, આ સેવા સ્વીકારો. કોઈ સત્કાર્યમાં વાપરજ્યો. સ્વામીએ એક વાક્યમાં જણાવ્યું, મારે કોઈ જરૂર નથી. રાજેશભાઈએ ખૂબ વિનંતી કરી, આગ્રહ કર્યો, હું તો કેશ લઈને આવ્યો છુ, આને હું કયાં પાછો લઈ જાવ, કયાં નાખું ? પૂ. સ્વામીશ્રીએ કહ્યું, તારે જ્યાં નાખવા હોય ત્યાં નાખ, નદીમાં ફેંકી દે પણ હું કાંઈ આ રૂપિયા રાખવાનો નથી.

શ્રી રાજેશભાઈ પૂ. સત્સંગભૂષણ સ્વામી પાસે રડી પડ્યા, પૂ.સત્સંગભૂષણ સ્વામીએ વિનંતી

કરી ત્યારે પૂ. સ્વામીશ્રીએ કહ્યુ, મે કયાં રૂપિયા મંગાવ્યાતા ? મેતો મંગાવ્યા ન તા ! પૂ. સત્સંગભૂષણસ્વામીની વિનંતિથી પૂ. સ્વામીશ્રીએ માત્ર ૧૧,૦૦૦ રૂાની સેવા સ્વીકારી.




દેવાનંદ સ્વામી કહે છે, "નારી નજરે નહી જુવો કોઈ, વિત્તની તો વાત ભુંડી." સદ્. ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "દ્રવ્યને ખોટુ કરાવનાર ને કરનાર એવા તો કોઈ જ હોય. બાકી એની તો પુષ્ટિ જ થાશે, કેમ જે એમાં સર્વે વિષય રહ્યા છે. ને સત્સંગનો વ્યવહાર પણ એથી જ ચાલે છે, માટે એને ખોટુ કરાવનાર નહિ જ મળે.. (૩-૫૮) પૂ.સ્વામીશ્રીની આવી અનુપમ અપરિગ્રહ વૃત્તિ જોઈ સહુને પૂ. સ્વામીશ્રીમાં સાક્ષાત્ હરિના દર્શન થયા.

## ઈશ નિષ્ઠાના બળે અનુપમ ત્યાગ વૈરાગ્યની છટા...

અઢળક સંપત્તિઓથી છલકતા પાંચ પાંચ શિખરબદ્ધ મંદિરોના વિશાળ વહીવટને ક્ષણવારમાં શ્રી નરનારાયણદેવને સોંપી, પૂ. સ્વામીશ્રી વૃત્તાલય વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજની સેવામાં પધાર્યા ત્યારે ઈતિહાસે આ વિરાટ ઘટનાને સુવર્ણ અક્ષરે આલેખી હતી. આ સંતવર્યની ત્યાગની છટાને સારાએ સંપ્રદાયે નતમસ્તક વંદના કરી હતી.

વાત હતી ઈ.સ.૧૯૯૧ની. ગાંધીનગર મંદિર નિર્માણના શ્રી ગણેશ થયા હતા. પ.ભ. કીશોરભાઈ જરીયાવાલાના સસરા પ.ભ. હંસરાજભાઈ માધવજીભાઈ ભીંડે એક સન્નિષ્ઠ સત્સંગી. સીંગાપુર જેવા દેશમાં ઈન્ટરનેશનલ લેવલે ઈમ્પોર્ટ એકસપોર્ટનો મોટો બીઝનેશ ચાલે. ગાંધીનગરમાં મંદિરની શરૂઆત હતી. દાતાઓ અને સેવાની તાતી જરૂર હતી એવા સમયે હંસરાજભાઈ સીંગાપોરથી પૂ સ્વામીના દર્શને આવ્યા. હરિભક્ત ખૂબ જ પ્રેમી-વિશ્વાસી, સ્વામી પ્રત્યે અપાર નિષ્ઠા. પૂ. સ્વામીને વિનંતી કરી, સ્વામી ! આ મંદિરમાં મારી સેવા લો. એ સમયે પૂ. સ્વામીશ્રી ચોપડો લખતા, મારી સેવા તમને જે ઈચ્છા પડે એટલી લખો. સ્વામીશ્રીએ કહ્યું હું કોઈનેય કહેતો નથી કે આટલા આપ. તમારે શ્રદ્ધા પ્રમાણે લખાવો. હરિભક્ત પણ ખૂબ જ વિવેકીને ચતુર હતા. હંસરાજભાઈએ વિચાર્યુ, હું આપુ ને સ્વામી લે એના કરતા સ્વામી એમની મરજી પ્રમાણે રાજી થઈને મારી પાસે માંગી લે તે શ્રેષ્ઠ છે, એમાં સ્વામીશ્રીનો ખરો રાજીપો છે આમ વિચારી પુનઃ આગ્રહ કર્યો, દયાળુ આપની ઈચ્છા પ્રમાણે ચોપડામાં લખો એક કરોડ, બે કરોડ, પાંચ કરોડ લખો, ખૂબ જ આગ્રહ કર્યો પરંતુ સ્વામીએ એક જ પ્રત્યુત્તર આપ્યો. હું કોઈનેય આટલા આપ એવું કહેતો નથી. પાંચ-પચાસ-સો માળા ફેરવવાનું કહું છું પરંતુ આટલા આપ એવું કહેતો નથી. મને તો મહારાજ આપી દેશે, માટે હું ન માંગુ કે તમે આટલા આપો. હરિભક્તે ખૂબ જ આગ્રહ કર્યો છતાં પૂ. સ્વામીશ્રીએ ના કહ્યું તે ના જ કહ્યું. પૂ.સ્વામીશ્રીની આવી અલૌકિક રીત જોઈને સહુના અંતરમાં અહોભાવ પ્રગટ્યો...

પૂ. સ્વામીશ્રીનો અનાસકતભાવ, અપરિગ્રહવૃત્તિ સંગ્રહરહિતપણું ભાવિ સંતો માટે અનુકરણીય છે. હરિભક્તો ખૂબ જ મહિમા સમજી ભાવથી કાજુ, બદામ કેસર વગેરે મેવો, મોંઘાફળો વગેરે



પદાર્થો સંતો માટે લઈ આવે. સ્વામીશ્રી ચીવટ રાખી બધી જ વસ્તુઓ મહારાજને અર્પણ કરી હરિભક્તોને પ્રસાદના રુપમાં આપી દેતા. સંગ્રહનામે ભગવા વસ્ત્રો - પુસ્તકો વધતા.

વિદેશમાં વસતા ભક્તો લાંબા સમયે દેશમાં આવતા હોય, દેહને દેહના સંબંધીઓ કરતા વિશેષ સંતોમાં હેત હોય, અંતરમાં ખૂબ જ ઉમંગ હોય, સંતો માટે કંઈક લઈ જઈએ. પૂ. સ્વામીજીને ફોન કરી પૂછે સ્વામી આપના માટે શું લઈ આવીએ ? પ્રત્યુત્તર ખૂબ જ મીઠો મધુરો મળતો, પાંચ કિલો પ્રેમ લેતા આવજો, પૂછનારનો ઉમંગ તળીએ બેસી જાય ને મીઠી મુંઝવણ અનુભવાય. સાથે રહેનારાઓને નિર્લોભી વર્તમાનનો સાક્ષાત્ અનુભવ અનુભવતો.

પૂ. સ્વામીશ્રીની રીતિ નીતી ખૂબ જ ન્યારી હતી, અલૌકિક હતી. પૂ. સ્વામીશ્રીના વર્તનમાં માયાનો લેશ જોવા ન મળતો. પૂ. સ્વામીશ્રીનું ત્યાગ, વૈરાગ્યવાળું સંતમંડળ, હજારોની સંખ્યામાં ગૃહસ્થ શિષ્યો, ખૂબ જ મોટો વહિવટ, ઉત્સવ-સમૈયા, પારાયણો વિદેશયાત્રા વગેરે સતત ચાલતું રહે છતા પૂ. સ્વામીશ્રીનું જીવન ખૂબ જ પારદર્શી હતું કોઈ વાત સ્વામીશ્રીના જીવનમાં છુપી છાની ન રહેતી.

ઉત્સવ-સમૈયા-પારાયણો, થાય-ભક્તો મનમૂકીને સેવા કરે. ઉત્સવ-પ્રસંગ સમાપ્ત થાય ને સાથે સાથે એનો હિસાબ પણ પૂર્ણ થાય. જે કંઈ વધ્યું હોય તે યજમાનોને ભાગે ભળતું પરત વહેંચી દે. આવી અલૌકિક રીતના દર્શન પૂ. પૂ. સ્વામીશ્રીના જીવનમાં વારંવાર થતા. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું,

"જોઈ રીતને રાજી જે થાશે રે,
વળી ગુણ સંતના તે ગાશે રે,
કહેશે સંત તો એ બહુ સારા રે,
ખરા કલ્યાણના કરનારા રે,"
એટલો જ ગુણ કોઈ ગ્રેશે રે,
તે તો બ્રહ્મ મહોલે વાસ લેશે રે.

(પુ.પ્ર. ૪૧-૧૪)

# કંચનને કીચડ સમ જાણતા...

પ્રભુ પ્રેમમાં ડુબેલા સંતોને માટે જગતના વૈભવો તણખલા જેવા હોય છે. પંચ વર્તમાને શૂરા પૂરા એવા પૂ. સ્વામીશ્રીની જીવનગાથામાં શ્રીહરિની આજ્ઞાઓનો આર્વિભાવ પ્રત્યક્ષ દેખવામાં આવતો. મુમુક્ષુઓને પ્રેરણાબળ આપનારુ પૂ. સ્વામીશ્રીનું જીવન એક જીવંત શાસ્ત્ર હતું.

એક વખત પૂ. ધ્યાની સ્વામીજી શિકાગો-અમેરિકા સત્સંગ યાત્રામાં હતા. થાળ-પધરામણી-કથાવાર્તાનો સુંદર માહોલ જામ્યો હતો. કોઈને ત્યાં થાળ તો કોઈને ત્યાં પધરામણી થતી. શિકાગોમાં એક સોની હરિભક્તને ત્યાં પૂ. સ્વામીશ્રી પધાર્યા. જેઓ રંજનબેન સોની લંડનવાળા ના સંબંધી થાય. હરિભક્તોએ હરિકૃષ્ણ મહારાજ એવમ્ સંતોની પૂજા કરી. મહારાજની આરતી કરીન તે સોની ભક્તે ઠાકોરજીને સુવર્ણનો કીંમતી હાર પહેરાવ્યો. પૂ. સ્વામીશ્રીને એમ કે હાર પ્રસાદીનો કરવા પહેરાવ્યો હશે. વિદાય વેળાએ તે હરિભક્ત બોલ્યા, સ્વામી આ હારને રાખી લેજો, મેં તો મહારાજને અર્પણ કરી દીધો. સ્વામીશ્રી બોલ્યા, આ અમારા ભગવાન છે. સાધુના ભગવાનને સોનાચાંદી હિરામાણેકના ઘરેણા ન હોય ! અમારે દ્રવ્ય ન રખાય. આટલું કહી સ્વામી ચાલતા થયા. હરિભક્તે ખૂબ આગ્રહ કરતા કહ્યું અમે તો ભગવાનને આપી દીધો. અમારે તો ભગવાનને આપવો છે. પૂ. સ્વામીજી લાલજી મહારાજની મૂર્તિ પાસે ગયા. કંઠમાંથી હાર ઉતારી તે હરિભક્તના હાથમાં પકડાવતા બોલ્યા, તમારે ભગવાનને આપવો છે ને ? તો લ્યો આ હાર, શિકાગો મંદિરમાં ભગવાનને આપી દેજો આટલું કહી સ્વામીએ વિદાય લીધી.

કયાં સામેથી પ્રેરણા કરી કરાવીને માંગવું ને ક્યાં સામેથી મળેલું પાછું આપવું ? **રીત જગ સે ન્યારી...**

એક વખત પૂ. સ્વામીશ્રી પ્રત્યે ખૂબ જ અહોભાવ ધરાવતા સંત પૂ. ભક્તિહરિ સ્વામી (રણજીતગઢ) હરિકૃષ્ણ મહારાજને લઈને આવ્યા. પૂ. સ્વામીશ્રી બપોરના સમયે થાળ ધરાવવા આવ્યા ત્યારે પૂછ્યું આ કોના ઠાકોરજી છે ? ત્યારે પૂ. ભક્તિહરિ સ્વામીએ કહ્યું, સ્વામી ! મારા ઠાકોરજી છે. ત્યારે પૂ. સ્વામીશ્રીએ વચનામૃતને સમ્મત મીઠો મધુરો ઉપદેશ આપ્યો, આપણા ઠાકોરજીને સોના ચાંદીના હાર ન પહેરાવાય. ત્યાગીને દ્રવ્ય રાખવાની મહારાજે ના કહી છે. ઠાકોરજી આપણા તો આ સુવર્ણ દ્રવ્ય પણ આપણું કહેવાય. તેથી વર્તમાનનો ભંગ થાય તે સાંભળી પૂ. ભક્તિહરિ સ્વામીએ કહ્યું, સારું, હવેથી ભગવાન માટે આવા અલંકારો નહી રાખીએ.

ગીતાજી આવા સંતને માટે કહે છે, 'समलोष्टाश्मकाञ्चनः । (૧૪-૨૪) સદ્. મુક્તાનંદ સ્વામીએ સ્વપદ્યમાં ગાયું છે,

"જી રે ત્રિભુવનની સંપત મળે, તોય ન તજે રે (૩)
અર્ધપળ હરિ ધ્યાન, બ્રહ્મરૂપ થઈ હરિને ભજે;
એવા સંતને રે (૨) કીચ કનક સમાન. સમજીને સત્સંગકીજીએ"

સદ્. પ્રેમાનંદ સ્વામી કહે છે

"એવા સંતની બલિહારી રે,
કામ, ક્રોધ, લોભ મનમાં ના આણે,
સોનું ને ધુળ તે સમ કરી જાણે,
જેને ગીતાજી ગાય છે પોકારી રે...એવા..."

સંતને શોભા આપતા આવા સુંદર સદ્ગુણોને પૂ. સ્વામીશ્રીએ જીવનમાં આત્મસાત કર્યા હતા. ૯૨ વર્ષની વયોવૃદ્ધ ઉમંરે પણ એમના વચનોમાં ખૂબ જ વજન હતું એ વજન હતું સાચા ત્યાગ વૈરાગ્યનું.


## નિર્માની વર્તમાનના દર્શન

એકવાર ગાંધીનગર મંદિરમાં સમૈયા માટે કારીગરની ઓરડી ખાલી વધી હતી તે ઉતારા તરીકે ઉપયોગમાં લેવાની હતી. પૂ. સ્વામીશ્રી તે સાફ કરવા લાગ્યા. હરિભક્તોએ કહ્યુ આપ રહેવા દો. અમે કરીએ છીએ. હરિભક્તો કહ્યું જે આ સંડાસ બાથરૂમ ખૂબ જ ગંધાય છે. આપ રહેવા દો. સ્વામી જાતે જોવા આવ્યા ને જાતે સાફ કરવા લાગ્યા. ભક્તોએ ના પાડી ત્યારે બધાને ના પાડી, હુ જ સાફ કરીશ કોઈએ આ સેવા કરવાની


નથી.


હરિભક્તોને જાતે જમાડે પીરસેને જમ્યા બાદ પોતે તે થાળી ઉપાડી ને પોતું કરતા.

અન્ન જાતે સાફ કરતા, લોટ ચાળતા, ઠાકોરજીનો થાળ સંતો સાથે કરતા. સેવા તો સ્વામીશ્રીના જીવનમાં વણાયેલી હતી.









## મૂર્તિનું અખંડ અનુસંધાન સાધતા...

શિકાગોમાં પોપટભાઈ રાદડીયાને ત્યાં હું (પૂ. સત્સંગભૂષણ સ્વામી) દાળભાત કરતો હતો. પૂ. ન્યાલકરણ સ્વામી પૂરી વણતા હતાં. હું સાથે પુરી તળતો હતો. સ્વામી શાક વઘારતા હતાં સાથે સાથે કોઈની જોડે ફોન પર જરૂરી વાત પણ કરી લેતા. હરિભક્તો કચુંબર સમારે તેને સૂચના આપે. પૂરી તળવામાં સૂચના આપે. આવી ક્રિયા સ્વામીની જોઈને પોપટભાઈ કહે, સ્વામી આટલી બધી બાબતનું આપ ધ્યાન રાખો છો તો પછી ભગવાનની મૂર્તિ કેવી રીતે સાંભરે ત્યારે સ્વામીજી કહે પોપટભાઈ આ સર્વે ક્રિયા કરતાં જો ભગવાનની મૂર્તિની ક્ષણવાર પણ વિસ્મૃતિ થાય તો ''સળીના બે કટકા પણ ન કરું,'' એમ અખંડ મૂર્તિ સંભારતા વૃત્તિના બે વિભાગ કરેલા. એક વૃત્તિએ ભગવાનને દેખતા ને બીજી વૃત્તિએ કરીને ક્રિયા કરતા.

## નિરહંકારીપણું

ઈ.સ. ૨૦૦૭ની વાત છે. ૨૭ -૧ થી ૩૧-૧-૨૦૦૭માં વાસણા (અમદાવાદ) તથા ૧-૨-૨૦૦૭થી ૫-૨-૨૦૦૭ મોરબી મંદિરની સળંગ દસ દિવસ વચ્ચે એક દિવસ ખાલી રાખ્યા વિના ધામ ધૂમથી પ્રતિષ્ઠા કર્યા પછી વાસણા પધાર્યા ત્યારે પ.ભ.શ્રી હિતેન્દ્રભાઈ ચંતાણી મોટો હાર લઈને આવ્યા. સ્વામીજી ઓફિસમાં બેઠા હતા સ્વામીજી કહે કેમ આવ્યા છો ? કાંઈ કામ છે ? સાહેબ કહે આપે બે મંદિર બાંધી નિર્વિઘ્ને પ્રતિષ્ઠા કરાવી તેથી હાર પહેરાવી  સન્માન કરવું છે. સ્વામીજી કહે - બે મંદિરની પ્રતિષ્ઠા થઈ જ નથી સમૈયા કર્યા જ નથી. જે કાંઈ કર્યું છે તે ભગવાને કર્યું છે. માટે મારું સન્માન શાનું ? હાર ભગવાનને પહેરાવવા પૂજારીને આપી દ્યો એમ કહીને ભગવાનને હાર પહેરાવ્યો પણ પોતે ન પહેર્યો.

## નિઃસ્વાદીપણું

યુ.એસ.એ. સાનહોઝેમાં જગદીશભાઈ સોનીના ઘરે ૧૯૯૨માં ગયેલા ત્યારે આમ તો કયાંય મીઠાઈ ન બનાવતા. દાળ-

ભાત, રોટલી, શાક કે ઉતાવળ હોય ત્યારે ખીચડી શાક પૂરી બનાવતા પણ જગદીશભાઈએ આગ્રહ કર્યો ત્યારે મેં (સત્સંગભૂષણ સ્વામીએ) કહ્યું સ્વામીજી દૂધમાં ફ્રૂટ નાખી દઈએ તો ફ્રૂટ સલાટ થઈ જાય. આપણે દૂધ, ફ્રૂટ ખાધુ કહેવાય. પછી હા પાડી પછી દુધમાં ફ્રૂટ નાખી ફ્રીજમાં મૂકી દીધું પછી સ્વામીજીએ બધાને જમાડ્યા પછી તો ઠાકોરજી જમાડવા બેઠા પણ સ્વામીજીને ઠંડુ ફાવે નહિ તેથી મેં કહ્યું ગરમ કરી દઉં પણ સ્વામીજી કહે લાવો ઠંડુ ચાલશે પણ મે ગરમ કર્યું તેથી ફાટી ગયું તેથી હું બીજું ગરમ કરવા ગયો તો કહે એ જ લાવો મે ના આપ્યું તો હાથ લાંબો કરી લઈને ફાટેલું દૂધ પી ગયા. આવું નિઃસ્વાદી વર્તમાન હતું ધન્ય એ સંતના નિઃસ્વાદી વર્તમાનને જેમણે બીજુ સારુ તાજુ દૂધ હોવા છતાં ફાટી ગયેલું બેસ્વાદ થયેલું દૂધ મૂર્તિ સંભારી પી ગયા.

## નિયમ-ધર્મની અણિશુદ્ધ દૃઢતા

સાગરમાં સમાયેલા અપાર રત્નોની જેમ પૂ. સ્વામીશ્રીના સદ્‌ગુણ રત્નો અપાર હતા. આલેખન કરતી વેળાએ ખૂબ જ મુંઝવણ થાય અગાધ સદ્‌ગુણ ભંડારને નાનકડી પત્રિકામાં સમાવવો એ ગાગરમાં સાગર ભરવા જેવો છે. શ્રીહરિના પાંચ વર્તમાનને પૂ. સ્વામીશ્રીએ પાતાળનો પાયો બનાવ્યો હતો. ધ્યાની હોવાની સાથે સાથે પૂ. સ્વામીશ્રી અચળ સ્વધર્મી હતા. બ્રહ્મચર્યવ્રતની દૃઢતા કરાવવા પૂ. સ્વામીશ્રીએ અંતિમ શ્વાસ સુધી સ્વશિષ્યવર્ગને ઉપદેશ કર્યા હતા. સ્ત્રી ધનથી ખૂબ જ દુર રહેતા અને બીજાને રાખતા.

એક વખત ગાંધીનગર મંદિરે સાંખ્યયોગી બહેનો દર્શને આવ્યા. બપોરનો સમય હોવાથી હરિભક્તો દ્વારા પૂ. સ્વામીજીએ જમવા માટેનો વિવેક કર્યો. સાંખ્યયોગી બહેનોએ કહેવડાવ્યું, સંતો આપે તો અમે લઈ લેશું. (સંતો મૂકીને જતા રહે, પછી બહેનો લઈ લે, વચ્ચે કોઈ નહિ) પૂ. સ્વામીશ્રીએ ભક્તોને કહ્યું, એવી રીતની મહારાજની આજ્ઞા નથી, એમને જમવું હોય તો જમે નહિ તો ભૂખ્યા રહે.

ઘણીવાર કોઈને કોઈ રીતે દુઃખીયા બહેનો પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના પત્રો મોકલે, ઘણાને તો પોતાના પતિની ઉપાધીઓ હોય, બીજા સત્સંગી સાથે પત્ર મોકલે, પરંતુ સ્વામી તો બે હરિભક્તોની સાક્ષીએ વંચાવતા, પોતે તો વાંચે જ નહિ, બીજા પાસે વંચાવતા; કંઈક નિયમ આપવું હોય તો પણ બે ભક્તો દ્વારા કહેવડાવતા. આશ્રમમાં ક્યારેય એકલા બહેનોને ઉતારો આપતા જ નહિ. શ્રીહરિનું કહેલું ધર્મામૃતનું મૂર્તિમંત સ્વરૂપ એટલે પૂ. ધ્યાની સ્વામી. સંતોને વારંવાર ઉપદેશ આપતા કે રસ્તામાં જતા સ્ત્રી દેખાય જાય તો તુરંત દૃષ્ટિને પાછી વાળી લેવી ને સ્વામિનારાયણ મંત્રનો જપ કરવો. ક્ષણમાત્ર દૃષ્ટિને ત્યાં રહેવા દેવી નહિ. મહારાજની પ્રત્યેક આજ્ઞાઓ સ્વામીશ્રીએ પાળી-પળાવી છે.

સત્સંગીઓને ખાસ કરીને યુવાનો-ટીનેજરોને સ્વામીશ્રી વર્તમાનની દૃઢતાના નિયમો આપતા, વળી વારંવાર એ બાબતનો ઉપદેશ પણ આપતા. મૂર્તિ સિદ્ધ કરવા નિયમ પાલનની ખૂબ જ દૃઢતા કરાવતા. ઉંમરલાયક ગૃહસ્થોને આજ્ઞા કરી સંસારના વ્યવહારમાંથી નિવૃત્ત કરાવતા. કહેતા કે, હવે તમ બધુ મૂકી દ્યો ને સત્સંગ-સેવા-ભજન પરાયણ રહો. કોઈ મંદિર-સંસ્થા કે સામાજિક સ્થાનોમાં ટ્રસ્ટી-અધ્યક્ષ-પ્રમુખ હોય તો એમને પણ નિવૃત્ત કરી ભજન પરાયણ કરતા. કોઈ વહેલા નિવૃત્ત થતા હોય તો એમને કહેતા, તમારે હજુવાર છે, હું કહું ત્યારે નિવૃત્ત થવાનું આમ પૂ. સ્વામી વડીલોનું ધ્યાન રાખતા.

પૂ. સ્વામીશ્રીએ પોતાના જીવનકાળમાં મૂળીદેશ ભૂજ, અમદાવાદ અને વરતાલ દેશમાં રહી સત્સંગની ખૂબ મોટી સેવા કરી છે. મંદિરોની સાથે સાથે કણભા ગુરુકુલમાં શિક્ષણની બહુ મોટી સેવા ગંગા વહી રહી છે, ભગવાન શ્રીહરિના "ભાવ્યં દીનેષુ વત્સલૈઃ" જેવા આદેશને મૂર્ત સ્વરૂપ આપીને પૂ. સ્વામીશ્રીએ કણભામાં એક સુંદર હોસ્પિટલ કરીને દરિદ્રનારાયણ અને દર્દીનારાયણની સુંદર સેવા કરી છે. દવાની સાથે સાથે પૂ. સ્વામીશ્રી દુવા આપતા, દવાથી ન મટતો રોગ પૂ. સ્વામી દુવા - આશીર્વાદ આપી નિર્મુળ કરતા. ભૂકંપ - વાજાઝોડા, જેવી કુદરથી આપત્તિ હોય કે ગરીબ બાળકોને ભણાવવાના હોય કે ગરીબ દિકરીઓના લગ્ન કરાવવામાં પણ પૂ. સ્વામીશ્રીએ ભક્તોને પ્રેરણ કરીને કરુણાગંગા વહાવી હતી. કેટલાય આત્માઓ પૂ. સ્વામીશ્રીની કરુણાગંગામાં પવિત્ર થયા - ધન્ય થયા.

# આજે ટ્રેનમાં મુંબઈ ન જતા


એક સમયે મુંબઈમાં કોર્ટની તારીખ હોવાથી ભુજના ડેપ્યુટી એન્જિનિયર મનહરભાઈ સી. મારુ સાહેબ જેઓ જ્યોતિષ મંડળના અધ્યક્ષપદે રહેલા. તેઓ રાત્રીની ટ્રેનમાં ભુજથી મુંબઈ માટે રિઝર્વેશન કરાવી રેલ્વે સ્ટેશન પરથી સીધા દર્શન કરવા મંદિરે આવીને, સ્વામીજી પાસે રજા અને આશીર્વાદ માટે આવ્યા. તરત જ સ્વામીજીએ જણાવ્યું કે આજે ટ્રેનમાં મુંબઈ ન જતા. કેસ માટે બીજી તારીખ માંગી લો ત્યારે તેમણે થોડી દલીલ કરી. હું એ સમયે સ્વામીજી પાસે જ બેઠેલો. મેં પણ તેમને સમજાવ્યા તેઓ માની ગયા બીજા દિવસે કચ્છ મિત્રમાં ટ્રેનના એક્સિડન્ટ થવાના સમાચાર વાંચ્યા એટલું જ નહિ, તેમની સીટ અને બાજુની સીટના એમ ત્રણ વ્યક્તિના મૃત્યુના સમાચાર વાંચી ડઘાઈ ગયા તરત જ પૂજ્ય સ્વામીજી પાસે જઈ તેમના ચરણોમાં દંડવત્ કરી ગદ્ ગદ્ કંઠે કહેવા લાગ્યા "સ્વામીજી આપે મારી જીંદગી બચાવી, મને નવું જીવન આપ્યું" સ્વામીશ્રી કહે, "તમે તમારું જ્યોતિષ નહોતું જોયું ? બાકી તો ભગવાનને કરતા આવડે છે તેવું કોઈનેય કરતા આવડતું નથી." તેમના ભાઈ રમેશભાઈ ઈન્ડિયન એરફોર્સમાં નિવૃત થયા મારું સાહેબે સ્વામીજીને વિનંતી કરી કે સ્વામીજી મારા ભાઈએ સિક્યુરીટી ઓફિસર તરીકે ઘણી અરજીઓ કરી છે પણ ક્યાંય મેળ પડ્યો નથી પૂજ્ય સ્વામી કહે, "આદિપુર કે કંડલા જાઓ અને તપાસ કરો. વાસ્તવમાં ઈફકોમાં સિક્યુરીટી ઓફિસર તરીકે એપોઈમેન્ટ મળી ગઈ. આજે પણ તેઓ સ્વામીશ્રીના દર્શનાર્થે જતા રહે છે."


## બેંકના સ્ટ્રોંગરૂમમાં પુરાઈ ગયેલા એક ભક્તજનનો ચમત્કારિક બચાવ

ઈ.સ.૧૯૭૪નો આ કિસ્સો છે અને ગાંધીધામ-કચ્છની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખાની આ ઘટના છે. ભૂજના એડવોકેટ સ્વ. શ્રી ઉપેન્દ્રભાઈ વૈદ્યના જયેષ્ઠપુત્ર શ્રી અક્ષયભાઈ વૈદ્ય કે જેઓ એક સુરીલા ગાયક કલાકાર છે તેઓ, ઓફિસર માટેની ઓન ધ જોબ ટ્રેનિંગ માટે પસંદગી પામેલા. ગાંધીધામમાં એસ.બી.આઈ.ની બ્રાન્ચ ઝંડા ચોકમાં તે સમયે હતી ભુજના રહેવાસી છતાં સર્વિસને કારણે ગાંધીધામ રહેતા. ગુરુવર્ય ધ્યાની સ્વામીશ્રી પાસે સત્સંગ કરવાના હેતુંથી શનિ-રવિ ભૂજ આવતા. એક દિવસ પૂ. ધ્યાની સ્વામીએ અક્ષયભાઈની સામે અર્થ સૂચક દષ્ટિથી જોતાં જોતાં અને સત્સંગ કરાવતા કહ્યું કે, 'જુઓ, આપણને ગમે તેવું દુઃખ આવી પડે ત્યારે આપણે જો ભગવાનને સંભારીએ તો, ભગવાન તે દુઃખ ટાળી ભક્તની રક્ષા કરે છે.''

બન્યું એવું કે એફ.ડી.આર.ઈ. લેવા માટે શ્રી અક્ષયભાઈ વૈદ્ય બેંકના સ્ટ્રોંગરૂમમાં ગયા. મેસેંજર સાથે હતો. કોઈ પણ બેંકનો સ્ટ્રોંગરૂમ હંમેશાં ટાઈટ હોય છે. નાની-મોટી કોઈપણ પ્રકારની બારીઓ હોતી જ નથી. સ્ટ્રોંગરૂમના બારણાની થીકનેશ જાડાઈ લગભગ આઠ ઈંચ જેટલી હોય છે. દૈવયોગે સ્ટ્રોંગરૂમમાં રહી જવાય તો મૃત્યને આધીન થવું પડે. લેશમાત્ર ઓક્સિજન ન મળે એટલે ગૂંગળામણથી મૃત્યુ થઈ જાય.

અક્ષયભાઈ સ્ટ્રોંગરૂમની અંદર જ હતા અને મેંસેજરને બપોરે સાડા બારે સંબંધીને ત્યાં જમવાનું હોવાથી, ઉતાવળમાં સ્ટ્રોંગરૂમ બંધ કરી નાખતા અક્ષયભાઈ તો અંદર જ પૂરાઈ ગયા જેવું બારણું બંધ થયું કે અંદરથી દોડીને તેઓ સ્ટ્રોંગરૂમ પાસે આવ્યા અને બંને હાથની મુઠ્ઠીઓથી સ્ટ્રોંગરૂમ પછાડવા લાગ્યા. રૂમની બહાર સ્ટેમ્પિંગના અવાજોને કારણે અને આટલી થીકનેસવાળા બારણામાંથી કોઈ પણ પ્રકારે અવાજ બહાર આવી શકે તેમ ન બનતાં, પૂજ્ય ગુરુવર્ય ધ્યાની સ્વામીજીએ તાજેતરમાં જ કહેલી







વાત યાદ આવી. તેઓ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનને અને ગુરુવર્યને અંતરથી આર્તનાદ કરતા રહ્યા. માત્ર અઠવાડિયા પહેલાં જ અમુક બેંકોમાં આવા જ બે બનાવો બનેલા જેમાં એક બનાવમાં એક વ્યક્તિનું મૃત્યુ થયેલું જ્યારે બીજા બનાવમાં બેભાન અવસ્થામાં કર્મચારી મળેલો.

અક્ષયભાઈને આ વાત પણ યાદ આવી ગઈ. હાથપછાડી, પછાડીને તથા બૂમો-ચીસો પાડીને તેઓ થાકી ગયા. પછી ભગવાનને તથા સંતવર્ય, ગુરુવર્યને યાદ કર્યા કે તરત જ કોઈક મદદે આવશે જ તેવો આત્મવિશ્વાસ જાગ્યો. અસ્વસ્થતા વધારે થવાની પ્રક્રિયા કંઈક અંશે થંભી ગઈ.

આ તરફ બેંક છોડીને ઝડપથી સંબધીને ઘેર ઉતાવળેથી જતા મેસેંજરને જાણે ભગવાન અને સંતવર્યે પ્રેરણા કરી હોય તેમ યાદ આવ્યું કે, ઉતાવળથી સ્ટ્રોંગરૂમ બંધ તો કર્યો પણ અંદર કોઈ છે કે નહિ ? તે તો મેં ચેક કર્યું જ નથી તરત જ જડપથી દોડીને બેંકમાં આવ્યા. સ્વસ્થ રીતે ભગવાનનો નામ-જપ કરતા શ્રી અક્ષયભાઈ વૈદ્યને જોતાં જ તેમના પગમાં પડી માફી માગતાં માંગતાં રેબઝેબ થઈ ગયો, રડી પડ્યો. શ્રી વૈદ્યે કહ્યું, "ચિંતા ન કરો. તમારો કોઈ વાંક નથી. ભગવાનને મારી ભક્તિ-શ્રદ્ધા વધારવા હશે એટલે જ આ બનાવ બન્યો. તમારી કોઈ ફરિયાદ હું કરવાનો નથી." આટલું સાંભળતા જ મેંસેજરના જીવમાં જીવ આવ્યો.

## ડોક્ટર, મેરા ઈલાજ તેરે ગુરુજીને કિયા હૈ



ડૉ. દિપકભાઈ વોરાની લાઈફ કેર હોસ્પિટલમાં એક ફકીર આવ્યો તે લગભગ ૮૦ વર્ષની ઉંમરનો હતો છ ફૂટ લંબાઈ, સફેદ કપડા, સફેદ દાઢી રાખેલી હતી તેને છાતીમાં સખત દુઃખાવો થતો હતો શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. પગમાં સોજા આવી ગયેલા હતા. તે હિંદી ભાષી હતો. ડૉ. દિપકભાઈએ તેને તપાસીને કહ્યું કે "આપકો ઓર કુછ જાંચ કરવાની પડેગી.' ફકીરે કહ્યું કે, દેખ, મેરી તો ઉંમર હો ગઈ, કભી ભી જા

સકતા હું મુજે ઓર કુછ ટેસ્ટ કરવાના નહિ હૈ, સિર્ફ તુમ મુઝે દવાઈ લીખ દે એટલે દિપકભાઈએ વિચારીને દવા લખી આપી.

બરાબર અઠવાડિયા બાદ એ ફકિર તબિયત બતાવવા આવ્યો. ડૉ. વોરા સાહેબે પૂછ્યું, 'અબ આપકો કૈસા હૈ ?' ફકીર કહેવા લાગ્યો., 'અબ તો બહોત અચ્છા હૈ. દેખ, પૈર કી સુજન ચલી ગઈ શ્વાસ ભી ચઢતા નહિ. તેરી સીડી ચડકે યહાં આ ગયા' ડૉ. દિપકભાઈ કહે 'આપને ટેસ્ટ કરવાને કો મના કિયા. ઈસ લીએ મૈને બહોત શોચ કે દવાઈ લીખ દી.' આ વાક્ય સાંભળીને ફકીરે જવાબ આપ્યો. 'બચ્ચા તુ બડા નાદાન હૈ. યે મત સમજના કી યે સબ તુને કિયા હૈ તુજે પતા નહિ હૈં મગર મુજે પતા હૈ કિ મેરા ઈલાજ તેરે ગુરુજીને કિયા હૈ. વે તુજે માધ્યમ બનાતા હૈ.

યહ મત સમઝના કી યે ફૈજ તેરે હાથો કી કમાલ હૈ. તેરા ગુરુજી હી સબ કુછ કર રહા હૈ. સબકો કુછ ન કુછ શક્તિયા દેતા હૈ. વહ દેનેવાલા હી હૈ. કિસીકો હાથ લગાકે દેતા હે, કિસિકો સીને સે લગાકે દેતા હૈ. કીસીકો સરપે હાથ રખકે દેતા હૈ. તેરા ગુરુ ઈસ તરહ દેને હી દેનેવાલા હે.


તેરે ગુરુજી કે હાથ મૈંને અપને ખ્વાબ મેં દેખે. ઓર યહ કમાલ ઉનકે હાથોંકા હી હૈ. દીખતા થા બડી બડી ઉંમરવાલા મગર શેર પે સવારી કરનેવાલા વો ઐરાવત પર સોનેકી અંબાડી મેં બેઠા થા મૈં દેખના ચાહતા થા ઉસે, ઈસ લીયે મેને લાખ કૌશિક કી, કિ મૈં ઉન્હે દેખ પાઉ. મેં પરધર્મી થા, મેં નહિ દેખ પાયા તુમ બડા નશીબદાર હે કિ તેરે ગુરુ તુજે સેવા કા મૌકા દેતા રહતા હૈ. વહ ગુરુ કા હાથમત છોડના. ઓર મનમેં કભી યહ મત લાના કિ તું તેરે મરીઝકા ઈલાજ કરતા હૈ.

આ ફકીરની વાત સાંભળી ડૉ. દિપકભાઈ વોરા તો આશ્ચર્યચકિત થઈ ગયા. આવા એક પરધર્મી ફકીરના શબ્દો દિપકભાઈ ડૉક્ટરના હૃદયમાં કોતરાઈ ગયા. આ હકીકત જાણી આવા મહાન સદ્‌ગુરુના ચરણે મસ્તક નમાવવાનું મન સૌ કોઈને થાય તે સ્વાભાવિક છે.

## વડાપ્રધાનની ફ્લાઈટને સ્થાને પૂ. સ.ગુ. ધ્યાની સ્વામીજીની ફ્લાઈટ સ્વીકારનાર પાયલોટ હરિનામે

કેટલીક ઘટનાઓ એવી બને છે કે જે ખૂબ આશ્ચર્ય ઉપજાવે છે. થોડા વર્ષ પહેલાં જ્યારે પૂ.સ.ગુ. ધ્યાની સ્વામી પોતાના અમેરિકાના શિષ્યોના આમંત્રણ અને આગ્રહને માન આપી અમેરિકા સત્સંગ અભ્યુદયાર્થે પધારેલા સાથે પૂ. સત્સંગભૂષણદાસજી શાસ્ત્રી સ્વામી, પૂ. ન્યાલકરણ સ્વામી, શ્રી યશવંતભાઈ સોની, શ્રી ગિરિશભાઈ ઠક્કર અને મારો પુત્ર રાજેશ ભટ્ટ હતા. વળતી વખતે ફ્રેન્ક ફર્ટમાં થોડો સમય પ્લેન હવાઈ મથક પર, પાઈલોટની ટીમ અહીં બદલે તે માટે ઉભું રહ્યું. પાઈલોટ કોકપીટમાં દાખલ થયા ત્યારે અતિશય સુગંધ આવવા લાગી. તેમનું નામ અનિલ હરિનામે. તેણે મજાકમાં એર હોસ્ટેસોને પુછયું કે, આ કયું સુગંધિત સ્પ્રે. ? સૌએ એવા સ્પ્રેની ના પાડી. છેવટે હરિનામે ફ્લાઈટમાં અંદર પ્રવેશ્યા તો પૂજ્ય ધ્યાની સ્વામીજી પાસેથી પસાર થયા અને ત્યાં તો ખૂબ જ સુગંધ આવી રહી હતી. થોડા આગળની બેઠકો તરફ ગયા, તો તે સુગંધ ઓછી થઈ ગઈ. રાજેશ પૂ. સ્વામીજીની પછવાડેની સીટમાં જ હતો. પાઈલોટ સ્વામીજી પાસે ઉભો રહ્યો. રાજુને પૂછ્યું કે આ સ્વામિનારાયણના સંત લાગે છે મને તેમનાથી ખુબ જ મીઠી સુગંધ આવે છે.

મારે આ સંતના આશીર્વાદ લેવા છે પૂજ્ય સ્વામીજી ધ્યાન મગ્ન હતા. યશવંતભાઈએ તેમને જગાડીને પાઈલોટને આશીર્વાદ આપવા વિનવ્યું. સ્વામીશ્રીએ પૂછ્યું શું નામ છે ? ત્યારે પાઈલોટે 'હરિનામે' કહ્યું, સ્વામી શ્રી કહે, 'આ તો ભગવાનું નામ છે. ભગવાન અચ્છા કરેગા. પાઈલોટ ખૂબ જ પ્રભાવિત થઈ કહેતો ગયો કે મારી જીંદગીમાં આવા



તેજસ્વી અને સુગંધી સંત જોયા નથી. મુંબઈ એરપોર્ટ પર પણ દર્શન કરવા આવ્યો તે મહારાષ્ટ્રિયન છે.

ઈ.સ. ૨૦૧૦ના ગણપતિ મહોત્સવની પૂર્ણાહૂતિ દિવસે રાત્રે લગભગ ૧૦ વાગ્યે પાઈલોટે રાજેશને ફોન કરીને 'ગણપતિ બાપા મોરિયા' એમ કહ્યું. રાજેશને કહે, 'આપણા સ્વામીજી ક્યાં છે ? મારે દર્શન કરવા જવું છે ? ' રાજેશ કહે, તેઓ હવે શિષ્યોના નિમંત્રણને માન આપીને અમેરિકા જવાના છે. પાઈલોટ કહે ' તેઓ ક્યારે પધારશે તે તાત્કાલિક જણાવજો. તેમની ફ્લાઈટ અમેરિકા સુધી હું લઈ જઈશ. મેં સ્વામીજીકા હનુમાન બનના ચાહતા હું ' રાજેશ સાથે રાત્રે ૧૧:૩૦ સુધી વાત કરી. રાજુએ કહ્યું 'મેરા પિતાજી કો દેતા હું. મારી સાથે લગભગ રાત્રે ૧:૦૦ વાગ્યા સુધી ફોન પર સત્સંગ કર્યો. હું સ્વામીજીનો ગુણાનુવાદ અને ઐશ્વર્યની વાત કરતો રહ્યો અને પાઈલોટ હરિનામે બોલતા રહ્યા કે, પિતાશ્રી આપ કૃપા કરે સ્વામીજીકી બાત ચાલુ રખીયે. મુજે બહુત આનંદ આ રહા હૈ ઈતના નહિ સ્વામીજી કે ઐશ્વર્ય કે બારે મેં મુઝે બહુત કુછ જાનકારી મિલ રહી.

બન્યું એવું કે જે દિવસે પૂ.સ.ગુ. ધ્યાની સ્વામી અમેરિકા સીધાવવાના હતા. એ દિવસે વડાપ્રધાનની ફ્લાઈટ ભરવા હરિનામેને ફ્લાઈટ ભરવા સૂચના મળી. તેમણે અધિકારીને પ્રત્યુત્તર આપ્યો કે, દેખો નેતા લોગ તો આતે જાતે હૈ, મગર જીવનમેં ઐસે સંત અનેક જન્મ કે બાદ હી મિલતે હૈ. મેં તો મેરે ગુરુજી ધ્યાની સ્વામીજીકી ફ્લાઈટ ભરુંગા. તેમના અધિકારી આશ્ચર્ય ચકિત થઈ ગયા ને તેમને કહેવા લાગ્યા કે પ્રાઈમ મિનિસ્ટર કી ફ્લાઈટ ભરને કે લીયે બહુત સારે પાઈલોટ લાઈને મેં ખડે હૈ. મગર આપકા ગુરુ કે પ્રતિ પ્રેમ દેખકર મુઝે ખુશી હોતી હૈ. વાસ્તવમાં તે મુંબઈથી અમદાવાદ આવી ગયા. રાજેશ સાથે પૂ. સ્વામીજીને મળ્યા. સ્વામીશ્રીના ચરણોમાં પડી આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીનો રાજીપો મેળવ્યો. અમદાવાદથી અમેરિકા સુધીની હવાઈ સફર પાઈલોટ હરિનામે એ કરાવી.



# "ધ્યાની સ્વામી એક સાધુતા યોગ"


લેખક : શા.સર્જુવલ્લભદાસ સ્વામી - કંડારી




સાધુતા, સરળતા, ધ્યાન, ભજન અને સમજણનો સમન્વય એટલે પૂ. ધ્યાની સ્વામી. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને પ્રત્યેક અધ્યાયમાં ભિન્ન-ભિન્ન યોગ કહ્યા છે પરંતુ સ્વામીશ્રીના જીવનમાં તો એક સાધુતાયોગ જ હતો. આ સાધુતા યોગને કારણે જ અનેક અર્જુનો ભગવાન શ્રી સ્વામિનારાયણના રંગે રંગાયા હતા. સ્વામીજીના સાધુતાયોગમાં જ ગીતાના મર્મો, ગૂઢ રહસ્યો સમાઈ જતા.

સરળતાની સાથે સાથે ઉચ્ચ સમજણના શિખરો સર કર્યા હતા. આબાલ-વૃદ્ધ સહુ સાધુતાના પાલવમાં ભીંજાઈ જતા. પથ્થર હૃદયસમા પોલીટીકલ પંડિતો પણ સ્વામીજીના દર્શને પીંગળી જતા. માતા-પિતાની સામે કાલા-વાલા કરતું બાળક સૌના હૃદયમાં સ્થાન પામે છે એ જ રીતે મહારાજ આગળ સ્વામી કાલા-વાલા કરતા હોય એ સૌને પ્રિય લાગતું. ''वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि'' એ જ ન્યાયે સ્વામીશ્રી નવનીત સમાન મૃદુ હતા પરંતુ ધર્મની બાબતમાં કોઈક હરિભક્ત ભૂલ કરે તો સ્વામીશ્રીની આંખ કરડી થતા વાર ન લાગતી.

આજ્ઞા અને ઉપાસનાના હિમાયતી સ્વામીશ્રીએ અનેક જીવોના કલ્યાણ ભગવાનના બળે સહેજે કર્યા





હતા. મહારાજ વચનામૃતમાં કહે છે કે, એવા મોટા પુરુષ જ્યારે બાહ્ય દ્રષ્ટિએ વર્તે ત્યારે અનેક જીવોને શુકજી અને જડભરત જેવા કરી મુકે. સ્વામી પર્વતભાઈ જેવા બ્રહ્મનિષ્ઠ હરિભક્તોના ઘડવૈયા હતા. વચનસિદ્ધની સાથે સાથે સ્વામી મૂર્તિસિદ્ધ પણ હતા. ધ્યાનના અંગને કારણે સ્વામીને **''ધ્યાની સ્વામી''** એવા હુલામણા નામથી સહું કોઈ બોલવતા.


## ''ધ્યાન અને જ્ઞાનનો સમન્વય''

આપણા સંપ્રદાયમાં મહારાજના સમયે ધ્યાનનો ખૂબ આગ્રહ હતો. ત્રણ પ્રહર સુધી ધ્યાન કરનારા હરિભક્તો સત્સંગના ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. ધ્યાન વગર ધ્યેય એટલે ભગવાનની સિદ્ધિ થતી નથી. ધ્યાનથી કારણ શરીર બળે છે.


ભગવાનનો સાક્ષાત્કાર કરવો હોય તો ધ્યાન વિના થાય જ નહિ આ વાત ધ્યાની સ્વામીના મનમાં વજ્રની જેમ ચોટી હતી. દરેક ક્રિયામાં મહારાજનું અનુસંધાન રહેતું. પણ મનમાં ધ્યાનની ઓછપ જણાતી હતી.

સંવત્ ૨૦૦૦ મહાવદી એકાદશીને દિવસે તા. (૨૦-૦૨-૧૯૪૪) પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ પાસે પૂ. ધ્યાની સ્વામીએ દીક્ષા ધારણ કરી ત્યારથી જ તેમને મનમાં એક જ રટણા રહેતી જલ્દીમાં જલ્દી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરી ભગવાનનો સાક્ષાત્કાર કરી લેવો પણ પૂ. ધ્યાની સ્વામી તો ગુરુભક્ત હતા આ વાત પોતાના ગુરુદેવને જણાવી. ગુરુદેવે માર્મિક ટકોર કરતા કહ્યું. જુઓ, સાધુરામ ! જ્ઞાન અને ધ્યાન બે સગા ભાઈ છે તે એકબીજા વિના રહી ન શકે ધ્યાનને અકબંધ રાખવા માટે જ્ઞાનરૂપી પાત્ર જોઈએ તો જ ધ્યાન ટકે બાકી તો સ્રવી જાય જેમ સિંહણનું દૂધ ઝીલવા સોનાનું પાત્ર જોઈએ તેમ ધ્યાન સિંહણનું દુધ છે અને જ્ઞાન સોનાનું પાત્ર છે માટે પહેલા જ્ઞાન શીખો.

આ ગુરુવર્યની આજ્ઞા શીરે ચડાવી સંપ્રદાયના મૂળભૂત શાસ્ત્રો સત્સંગિજીવન વચનામૃત, શિક્ષાપત્રી, ભક્તચિંતામણિ આદિ ગ્રન્થોનું અધ્યયન કરી સર્વનો સાર કાઢી જ્ઞાનનો પાયો મજબૂત બનાવ્યો અને ધ્યાનની







ઈમારત બાંધી તે આજ દિન સુધી તેના પાયામાં ઉધઈ લાગી નથી.

## "ગરીબોના બેલી અને વસુધૈવ કુટુમ્બકમની ભાવના વાળા સ્વામીશ્રી"

**"દુઃખીયો દેખી ન ખમાય, દયા આણીરે,**
**અતિ આકાળા થાય અન્ન-ધન્ન વસ્ત્ર આપી દુઃખ ટાળે રે..."**

આ પંક્તિઓ મહારાજના દયાળુ સ્વભાવને દર્શાવે છે. મહારાજનો અતિ દયાળુ સ્વભાવ હતો. પૂ. ધ્યાની સ્વામીનો પણ દયાળુ સ્વભાવ હતો. હજારો જીવાત્માઓના સ્વામીજીએ આંસું લૂછ્યા હતા. ભજન, તપ અને સમાજ સેવાની ધૂણી ધખાવતા સ્વામીજીએ દુષ્કાળમાં રાહતકાર્યોની સેવા હાથ ધરી હતી.

એક વખત કચ્છમાં દુષ્કાળ પડ્યો હતો. સ્વામીશ્રીના હૃદયમાં કરુણાનું ઝરણું ફૂટ્યું. હરિભક્તોને આજ્ઞા કરી કે બધાને અનાજ વિતરણ કરો. સ્વામીશ્રીની આજ્ઞા થતા જ સાબદા થઈને હરિભક્તો અન્ન લઈને ગામડે ગામડે વિતરણ કર્યું પણ કચ્છમાં એક આબુ નામનું ગામ હતું. એ ગામમાં હરિભક્તોએ જવાની ના પાડી સ્વામીશ્રીએ ન જવાનું કારણ પૂછ્યું હરિભક્તોએ કહ્યું કે એ ગામ મુસલમાનની વસ્તીવાળું છે. માટે એને આપીને શું કરવું છે ?

સ્વામીશ્રીની આંખનો ખૂણો કરડો થયો. કટાક્ષ છતા મુદુ વેણે સ્વામી બોલ્યા. તમને સોય વાગે ત્યારે લોહી નીકળે અને એમને સોય વાગે ત્યારે શું પાણી નીકળે છે. એ પણ આપણા ભાઈ જ છે. આ બધા જ ભગવાનના બાળકો છે. ભગવાનના બાળકોની સેવા કરવી એ આપણી ફરજ છે. માટે જાવ અને બધાને અન્ન આપો. હરિભક્તોએ જઈને પ્રફુલ્લિત હૃદયે બધાને જમાડ્યા.

પૂ. સ્વામીશ્રીમાં ગુણોનો ખજાનો હતો. ગુણોના ભંડાર હતા. એમના ગુણોને મનઃસ્થ નહિ પણ હૃદયસ્થ કરીએ એજ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

# સ.ગુ. ધ્યાની સ્વામીનો સત્સંગ સમાજ જોગ સંદેશ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રી સ્વામિનારાયણ મંદિર

## સેક્ટર-૨, ગાંધીનગર, ગુજરાત, ફોન : (02712) 24006-34092

### (શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું)

શ્રીજી મહારાજની અસીમ કૃપાથી આપણા મંદિરનો સમૈયો ખૂબ જ સારી રીતે ઉજવાઈ ગયો અને પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી સપરિવાર પધાર્યા તથા ભાવી આચાર્ય પ.પૂ.૧૦૮ લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી અત્રે પધાર્યા તથા અમદાવાદ તથા વડતાલ બંને દેશમાંથી મહંતો તથા વિદ્વાન બ્રહ્મવેત્તા સંતો પધાર્યા તથા દેશ વિદેશથી લાખોની સંખ્યામાં હરિભક્તો પધાર્યા અને આ સમૈયાને ખૂબ જ સુંદર રીતે શોભાવ્યો તે સર્વેનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

બીજું આ મંદિર નિર્માણ કાર્યમાં તથા આ સમૈયા મહોત્સવમાં જેણે જેણે જે કાંઈ સેવા કરી હોય તે સર્વેનું શ્રીજી મહારાજ સારું કરે ને આ લોક તથા પરલોકમાં શ્રીજી મહારાજ સર્વને ખૂબ જ સુખીયા કરે એવી સર્વ અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આગળ પ્રાર્થના કરું છું.

બીજું આપણા સર્વેના મોટા ભાગ્ય છે કે આપણને આવા સર્વે સુખના નિધિ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે અને આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે તો આવા યોગને પામીને આપણે દિન દિન પ્રત્યે શ્રીજી મહારાજની દિવ્ય માધુરી માણીગર અને પ્રકાશમાન મૂર્તિને વિશે જ અતિશય હેત કરવું અને આ લોકના સર્વે રોગો માત્ર નિર્મૂળ થઈ જાય એજ માનવ જન્મનો મોટો લાભ છે માટે આપણે સર્વેએ શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન ભજન કરવામાં કાળજી રાખવી અને આવી રીતે ધ્યાન ભજન, કાળજી રાખીને કરીએ તો ભગવાનના સુખ વડે આપણાં અંતરમાં શાંતિ શાંતિ વર્ત્યા કરે અને ભગવાનના સુખ વડે આપણાં અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે ને અહોપણું વર્ત્યા કરે તો આપણે ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી એજ.

ગાંધીનગરથી લી. ધ્યાની સ્વામી-હરિસ્વરૂપદાસજીના ઘણા
હેત સ્નેહથી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

## સત્સંગનું ગૌરવ

''સ્વામી વિવેકાનંદજી''ની જન્મજયંતિ પ્રસંગે શ્રી સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં ''રાષ્ટ્રીય સેવા યોજના'' સમિતિ દ્વારા તા. ૧૨-૦૧-૨૦૧૬ થી તા. ૧૬-૦૧-૨૦૬ સુધી પંચદિનાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી યદુનાથપ્રસાદ દુબેના અધ્યક્ષપદે આયોજીત તથા પ્રો.હરિશંકર પાંડે દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. જેમાં સંસ્કૃત સંભાષણ સ્પર્ધામાં તથા હિન્દી સંભાષણ સ્પર્ધામાં સાધુ ભજનવલ્લભદાસજીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે તથા સૂર્યનમસ્કાર-આસન પ્રતિયોગિતામાં સાધુ સર્વમંગલદાસજીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે તથા પાર્ષદ યોગીરાજ ભગતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ સૂત્ર-અન્ત્યાક્ષરી સ્પર્ધામાં સાધુ ભજનવલ્લભદાસજીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે અને પાર્ષદ હરિકૃષ્ણ ભગતે તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કાશીમાં વિદ્યાભ્યાસ કરતા આ સંતો-પાર્ષદોએ ગુરુકુલ પરિવાર તથા સત્સંગનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધાઓમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરવા બદલ તેઓને હાર્દિક અભિનંદન.

- ગુરુકુલ પરિવાર.




૧ થી ૭ - કંડારી શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૫ મા પાટોત્સવ પ્રસંગે બાલુડા શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા પૂ. શાસ્ત્રીજી સ્વામી એવં પૂ. બ્રહ્મસ્વરુપદાસજી સ્વમી તથા દર્શનાર્થી ભક્તો. આ પ્રસંગે આયોજીત પંચાહ્ન પારાયણ ના વક્તા પૂ. શાસ્ત્રીજી સ્વામી એવં વરતાલના ચેરમેનશ્રી તથા પાટોત્સવના યજમાનો. ૮ થી ૧૧ - ગોધરા શ્રી સ્વામિનારાયણ ધૂન્ય મંડળ આયોજીત શાકોત્સવમાં કથામૃતનો લાભ આપતા પૂ. શાસ્ત્રીજી સ્વામી તથા આ.કો. સંતવલ્લભદાસજી તથા આશીર્વાદ આપતા પૂ.આચાર્ય મહારાજશ્રી. ૧૨-૧3 - બનારસ શ્રી સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય આયોજીત વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ એવં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતા શ્રી સ્વા. ગુરુકુલ કંડારીના સંતો - પાર્ષદો. ૧૪. રામપુરા નૂતન મહિલા મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે અગ્રપૂજન કરતા પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી તથા વરિષ્ઠ સંતો.

Rni No. Guj Guj/2010/33606 Postal Regb No : VDR (W)273/2015-2018. Posted At Kandari Ta : Post Office 1st Date Every Month










શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ કંડારીમાં સત્સંગી બાળકો માટે નૂતન નિર્મિત "એન્જોય પાર્ક" નું શ્રી હરિકૃષ્ણ મહારાજની નિશ્રામાં ઓપનીંગ કરતા પૂ. શાસ્ત્રીજી સ્વામી એવં વડીલ સંતો.







